GJSR010128812025

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૯.૧૦.૨૦૨૫ |
| દાખલ તારીખ | : | ૦૯.૧૦.૨૦૨૫ |
| ફેંસલ તારીખ | : | ૧૩.૦૩.૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ<br>૦૦ |

આંક–..........

**ફોર્મ– "એ"**

| | |
|---|---|
| **મે. સુરતના વિશેષ ન્યાયાધીશ (પોકસો કેસ) અને બીજા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, સુરત.**<br><br>**સ્પેશીયલ કેસ (પોક્સો) નં.૩૧૬/૨૦૨૫.**<br>[પુણા પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજિસ્ટર નંબર–૧૧૨૧૦૦૪૬૨૫૦૯૭૦/૨૦૨૫] | |
| **ફરિયાદી.** | **શ્રી સરકાર.** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડીશનલ પબ્લિક પ્રોસીક્યૂટર. | **શ્રી યુ.એ.પાટીલ.** |
| **આરોપી** | **ગણેશસિંહ ઉર્ફે હર્ષ ક્રિષ્નાસિંહ રાઠોડ.**<br>ઉં.૧૮ વર્ષ, ધંધોઃ મજુરી,<br>રહેવાસીઃ પ્લોટ નં.૧૯૫, વાસ્તુપુજા રેસીડેન્સી, હલધરૂ ગામ, તા.કામરેજ જિ.સુરત.<br>મુળ વતન–ભંડારી સ્ટેશન, થાના–કોતવાલી ચૌરાહા, જિ.જૌનપુર (ઉત્તરપ્રદેશ) |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | **શ્રી એ.આઇ.માંજેખાસ.** |

**ફોર્મ– "બી"**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૧–૮–૨૦૨૫ ના ક. ૧૫/૦૦ વાગ્યાના અરસામાં |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૬–૦૮–૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૬–૧૦–૨૦૨૫ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૨૩–૧૨–૨૦૨૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૪–૦૨–૨૦૨૬ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૦૬–૦૩–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૩–૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | – |

**આરોપીની વિગત**

| આરોપીઓનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગણેશસિંહ ઉર્ફે હર્ષ ક્રિષ્નાસિંહ રાઠોડ | ૨૭–૮–૨૦૨૫ | ૧૮–૧૧–૨૦૨૫ | બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટ ની કલમ–૪,૬,૮, ૧૨ | નિર્દોષ | – | – |

## **ફોર્મ –સી**

ફરિયાદપક્ષે/બચાવપક્ષે /કોર્ટના સાહેદોનું લીસ્ટ.

એ– ફરિયાદપક્ષે.

| અ.નં | સાહેદનુ નામ | સાહેદની વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગ બનનાર | સાહેદનો પુરાવો | ૦૮ |
| ૨. | ફરિયાદી/ભોગ બનનારની માતા | ફરિયાદીનો પુરાવો | ૧૦ |
| ૩. | ડૉ.મલીકા યતિનકુમાર માંગુકીયા | તબીબી સાહેદનો પુરાવો | ૧૨ |
| ૪. | ડૉ.શ્રેયા ગીરધારી અગ્રવાલ | તબીબી સાહેદનો પુરાવો | ૧૪ |
| ૫. | ડૉ.સની નારણભાઇ ધારીયા | તબીબી સાહેદનો પુરાવો | ૧૬ |
| ૬. | ભોગ બનનારના પિતા | સાહેદનો પુરાવો | ૨૫ |
| ૭. | ગંગદાભાઇ જેઠાભાઇ સાપરા | સ્ટે.ડાયરીમાં નોંધ કરનાર | ૨૭ |
| ૮. | દિપ્તી કરશનભાઇ ગમારા | તપાસનીશ અધિકારી નો પુરાવો. | ૨૯ |

**<u>બી–બચાવપક્ષે સાહેદોનું લિસ્ટઃ–</u>**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| –– | –––––– | ––––– |

**<u>સી–કોર્ટ સાહેદોનું લિસ્ટઃ–</u>**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| –– | –––––– | ––––– |

**ફરિયાદપક્ષે,બચાવપક્ષે અને કોર્ટનાં દસ્તાવેજોનું લિસ્ટ.**

**એ– ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**

| **અ. નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** | **સાબિત/ રજૂ કરનાર સાહેદ નં.** |
|---|---|---|---|
| ૧ | બી.એન.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન | ૦૯ | ૧ |
| ૨ | ફરિયાદ | ૧૧ | ૨ |
| ૩ | ભોગ બનનારના કેસ પેપર્સ | ૧૩ | ૩ |
| ૪ | ભોગ બનનારનો એકઝામીનેશન રિપોર્ટ | ૧૫ | ૪ |

| | | | |
|---|---|---|---|
| ૫ | આરોપીના કેસ પેપર્સ | ૧૭ | ૫ |
| ૬ | આરોપીનો એકઝામીનેશન રિપોર્ટ | ૧૮ | ૫ |
| ૭ | આરોપીની મેડીકલ ચકાસણી કરવાની પોલીસ યાદી | ૧૯ | ૫ |
| ૮ | FSL ને મોકલવાનો ફોરવર્ડીગ પત્ર | ૨૦ | ૫ |
| ૯ | DNA સેમ્પલ સાથે FSL ને મોકલવાનો ફોરવર્ડીગ પત્ર | ૨૧ | ૫ |
| ૧૦ | સ્ટે.ડાયરીના ઉતારાની નકલ | ૨૮ | ૭ |
| ૧૧ | ભોગ બનનારના MLC કેસ પેપર્સ તથા રેફરન્સ સ્લીપ | ૩૦,૩૧ | ૮ |
| ૧૨ | FSL નો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૩૨ | ૮ |
| ૧૩ | રવાનગી નોંધ | ૩૩ | ૮ |
| ૧૪ | FSL ને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૩૪ | ૮ |
| ૧૫ | FSL ને મુદ્દામાલ પૃથ્થકરણ કરી આપવા બાબતની યાદી | ૩૫ | ૮ |
| ૧૬ | FSL નો બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ | ૩૬ | ૮ |
| ૧૭ | ભોગ બનનારના જન્મ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ | ૩૭ | ૮ |
| ૧૮ | ભોગ બનનારના જન્મ પ્રમાણપત્રની ખરાઇ બાબતનો રિપોર્ટ | ૩૮ | ૮ |
| ૧૯ | મુદ્દામાલ આર્ટી.નં.૧ થી ૮ માંથી નીકળેલ પંચોની સહીઓવાળી કાપલીઓ | ૩૯ થી ૪૬ | ૮ |

## બી–બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃ–

| ક્રમ | આંક/ નિશાની | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## સી–કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃઃ–

| ક્રમ | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| –– | ––– | ––––– |

**<u>ડી.મટીરીયલ ઓબ્જેકટઃઃ–</u>**

| **ક્રમાંક** | **મટીરીયલ ઓબ્જેકટ નંબર** | **વર્ણન.** | **રજૂ કરનાર/સાબીત કરનાર સાહેદ નંબર** |
|---|---|---|---|
| ૧ | માર્ક–એ/૧ | ટીશર્ટ | ૮ |
| ૨ | માર્ક–એ/૨ | જીન્સ પેન્ટ | ૮ |
| ૩ | માર્ક–એ/૩ | ચડ્ડી | ૮ |
| ૪ | માર્ક–ડી/૧ | દુપટ્ટો | ૧,૮ |
| ૫ | માર્ક–ડી/૨ | સલવાર | ૧,૮ |
| ૬ | માર્ક–ડી/૩ | કુર્તી | ૧,૮ |
| ૭ | માર્ક–ડી/૪ | બ્રા | ૧,૮ |
| ૮ | માર્ક–ડી/૫ | નીકર | ૧,૮ |

**<u>ગુનાઓઃ</u>** **<u>ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮, ૧૨ મુજબના</u>.**

**<u>ચુ કા દો</u>**

(૧) પોકસો એકટની કાયદાની કલમ–૩૩(૭) કાયદાનાં પ્રબંધો મુજબ તથા નામદાર સર્વોચ્ચ અદાલતનાં **Parminder Kaur @ P. P.Kaur @ Soni v / s . The State of Punjab , Cri . Appeal No .283/2011 dt .28 July, 2020** અને **2019(2) SCC 703, નિપુન સકસેના વિ. યુનિયન ઓફ ઈન્ડીયા**નાં કેસમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો મુજબ ભોગ બનનાર બાળકની સમગ્ર તપાસ અને ટ્રાયલ દરમ્યાન ઓળખ જાહેર થવી ન જોઇએ. જેથી આ ચુકાદામાં ભોગબનનાર

બાળકનું નામ જાહેર કરેલ નથી અને બાળકનાં નામને બદલે બાળકને "**ભોગ બનનાર**" તરીકે સંબોધવામાં આવેલ છે તેમજ તેઓનાં પરીવારનાં સભ્યોનાં નામ **"ભોગ બનનારના માતા"** "**ભોગ બનનારના પિતા**" તે રીતે સંબોધવામાં આવેલ છે.

(૧.૧) પ્રસ્તુત કામનાં આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ અંગેના આક્ષેપો છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદીશ્રીની સગીર વયની ભોગ બનનાર દિકરી ઉ.વ.૧૭ વર્ષ ૩ મહિના ૯ દિવસ(જન્મ તા.૧૭–૫–૨૦૦૮)નીને આ કામના આરોપીએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને પ્રેમ જાળમાં ફસાવી ગઇ તા.૧–૮–૨૦૨૫ ના બપોરના ત્રણેક વાગ્યે ભોગ બનનાર ઘરેથી નીકળી ઓટોરીક્ષામાં બેસી પર્વતપાટીયા ખાતે ગયેલ ત્યારે ત્યાં આ કામના આરોપી આવી ગયેલ હતો અને આરોપીએ ભોગબનનારને ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી સુરતથી ભગાડીને પોતાના ભાઇના ઘરે શિવપુર, જિ.વારાણસી, ઉત્તરપ્રદેશ ખાતે લઇ ગયેલ અને ત્યાં વીસેક દિવસ ભોગ બનનારને રાખેલ તે દરમ્યાન ભોગ બનનારની મરજી વિરૂધ્ધ બે–ત્રણ વાર શરીર સંબંધ બાંધેલ અને ત્યારબાદ આ કામના આરોપી ભોગ બનનાર બાળકીને શિવપુર, જિ.વારાણસી (ઉત્તરપ્રદેશ)થી પ્લોટ નં.૧૯૫, વાસ્તુપુજા રેસીડેન્સી, હલધરૂ ગામ, તા.કામરેજ, જિ.સુરત ખાતે પોતાના ઘરે લાવીને રાખેલ તે દરમ્યાન ભોગ બનનાર સાથે એકવાર જબરજસ્તીથી શરીર સંબંધ બાંધી, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકને રક્ષણ

આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮, ૧૨ મુજબના ગુનાઓ કરેલા છે અને ફરિયાદીએ તા.૨૬–૮–૨૦૨૫ ના રોજ પોલીસ રૂબરૂ ફરિયાદ આપેલી અને ફરિયાદ આધારે પુણા પો.સ્ટે.પાર્ટ–એ.ગુ.રજી.નંબર–૧૧૨૧૦૦૪૬૨૫૦૯૭૦/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮, ૧૨ હેઠળના ગુનાઓ રજીસ્ટર કરવામાં આવેલા.

(૩) ઉપરોકત ગુના સંદર્ભે તપાસનીશ અધિકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવામાં આવેલ, આરોપીને અટક કરેલ અને ધોરણસરની તમામ કાર્યવાહી કરી આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો હોય મહેરબાન સુરતના સ્પે.જજ સાહેબશ્રીની કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ અને જેનો સ્પે.પોકસો કેસ નં.૩૧૬/૨૦૨૫ થી રજિસ્ટર થયેલ. બાદમાં આરોપીને બચાવ માટે તેઓને પોલીસ પેપર્સની નકલો મળેલ છે તેની ખાતરી કરવામાં આવેલ અને આરોપી ખાનગી વકીલ રોકવા માંગે છે તેવું જણાવેલ.

(૪) પ્રસ્તુત કામે આરોપી વિરૂધ્ધનું આંક–૫ થી તા.૨૩/૧૨/૨૦૨૫ નાં રોજ તહોમતનામું ફરમાવેલ અને તે તહોમતનામું આરોપીને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવેલ અને તે અન્વયે આરોપીનું આંક–૬ થી નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ પોતાને તહોમતનામા મુજબના ગુનાઓ કબુલ નથી અને કેસ ગુણદોષ ઉપર આગળ ચલાવવા માંગે છે તેવી ઈચ્છા વ્યકત કરતાં સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે. હાલ આરોપી જામીન ઉપર મુકત છે.

(૫) ફરિયાદપક્ષે પોતાનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરેલ અને બાદમાં આંક–૪૭ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીએ તેમના વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, *" અમો નિર્દોષ હોય, કહેવાતો કોઈ ગુનો અમોએ કરેલ નથી. અમો નિર્દોષ હોય, અમો પાસે ખોટી ખોટી માંગણીઓ કરી ફરિયાદપક્ષે ખોટી ફરિયાદી કરી ખોટું કેસ કરેલ હોય જે ધ્યાને લઈ અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવશોજી."* તેમજ સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે.

(૬) સદર કામે ફરિયાદપક્ષ તર્ફે વિ. એડિશનલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રી યુ.એ.પાટીલનાઓની મૌખીક રજુઆત છે કે, ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધનું આંક–૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને તહોમતનામુ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફથી કુલ–૮ સાહેદોને તપાસવામાં આવેલ છે અને કુલ–૧૯ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલ છે. જેમાં ભોગબનનાર અને તેઓનાં પરીવારનાં સભ્યો ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી, પરંતુ મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ ભોગબનનારે જે હિસ્ટ્રી આપેલ છે તેનાંથી પોલીસ સાહેદોનાં પુરાવાને સમર્થન મળે છે. આમ, આરોપી સામેનો ગુનો સાબીત થાય છે. જેથી આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવવા વિનંતી કરેલ છે.

(૭) જયારે બચાવપક્ષે વિ.વ.શ્રીએ મૌખિક દલીલોમાં રજૂઆત કરેલ છે કે, જેમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, સદર કામે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪, ૬,

૮, ૧૨ મુજબના ગુનાઓ નોંધાયેલા છે. આરોપી સામે જે ફરીયાદ આપવામાં આવેલ છે તે ફરીયાદનાં કોલમ નંબર–૮ માં ફરિયાદીશ્રીએ જણાવેલ છે કે, ફરિયાદી પોતાની રીતે તેની દિકરીની શોધખોળ કરતા મળી આવેલ નહીં જેથી ફરિયાદી તેના વતન ગામ ઉત્તરપ્રદેશ જતા રહેલ અને ત્યાં પણ તેની દિકરીની શોધખોળ કરતા આજદિન સુધી મળી આવેલ નહીં. જેથી ફરિયાદી આજરોજ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ આપવા આવેલ છે. જે કારણ પ્રથમ દર્શનીય રીતે વ્યાજબી જણાતું નથી. આમ, કહેવાતો બનાવ તા.૦૧/૮/૨૦૨૫ ના રોજ ક.૧૫/૦૦ વાગ્યાના અરસામાં બનેલાનું જણાવે છે અને બનાવની ફરિયાદ તા.૨૬–૮–૨૦૨૫ ના રોજ નોંધાવેલ છે. આમ, ફરિયાદીએ આશરે ૨૫ દિવસ બાદ મોડી ફરિયાદ આપેલ છે પરંતુ મોડી ફરિયાદ આપવાનું કોઈ કારણ જણાવેલ નથી.

(૭.૧) વધુમાં મૌખિક દલીલમાં રજુઆત કરેલ છે કે, સદર કામે ફરીયાદી અને તમામ સાહેદોનાં પુરાવામાં ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. જેથી વિ. સરકારી વકીલશ્રીએ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસનાં પ્રશ્નો પુછતાં તેમાં પણ પોતાની સરતપાસની હકીકતોને વળગી રહેલ છે. આમ, તમામ સાહેદોએ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી.

(૭.૨) સદર કામે મેડીકલ ઓફિસરોનો જે પુરાવો રજુ થયેલ છે તેમાં તેમણે કરેલી તપાસને અનુરૂપ જુબાની આપેલ છે તેમજ પોલીસ સાહેદોનો પુરાવો પણ મુખ્ય પુરાવાને સમર્થન કરતા પુરાવા તરીકે વંચાણે લેવાનો રહે છે. આમ, માત્ર પોલીસ પુરાવાનાં આધારે આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહી. આ સંજોગોમાં આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે જેથી આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) ફરિયાદપક્ષની ફરિયાદ હકીકતો ધ્યાને લેતાં આરોપી સામેના ગુનાના આખરી ન્યાય નિર્ણય અર્થે મારા મત મુજબ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ–

**મુદ્દાઓ**

૧. શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે, ફરિયાદવાળા આક્ષેપિત બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા ?

૨. શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે, ફરિયાદીશ્રીની સગીર વયની ભોગ બનનાર દિકરી ઉ.વ.૧૭ વર્ષ ૩ મહિના ૯ દિવસ(જન્મ તા.૧૭–૫–૨૦૦૮)નીને આરોપીએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીને પ્રેમ જાળમાં ફસાવી ગઇ તા.૧–૮–૨૦૨૫ ના બપોરના ત્રણેક વાગ્યે ભોગ બનનાર ઘરેથી નીકળી ઓટોરીક્ષામાં બેસી પર્વતપાટીયા ખાતે ગયેલ ત્યારે ત્યાં આ કામના આરોપી આવી ગયેલ હતો અને આરોપીએ ભોગબનનારને ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી સુરતથી ભગાડીને પોતાના ભાઇના ઘરે શિવપુર, જિ.વારાણસી, ઉત્તરપ્રદેશ ખાતે લઇ ગયેલ અને ત્યાં વીસેક દિવસ ભોગ બનનારને રાખેલ તે દરમ્યાન ભોગ બનનારની મરજી વિરૂધ્ધ બે–ત્રણ વાર શરીર સંબંધ બાંધેલ અને ત્યારબાદ આ કામના આરોપી ભોગ બનનાર બાળકીને શિવપુર, જિ.વારાણસી (ઉત્તરપ્રદેશ)થી પ્લોટ નં.૧૯૫, વાસ્તુપુજા રેસીડેન્સી, હલધરૂ ગામ, તા.કામરેજ, જિ.સુરત ખાતે પોતાના ઘરે લાવીને રાખેલ તે દરમ્યાન ભોગ બનનાર સાથે એકવાર જબરજસ્તીથી શરીર સંબંધ બાંધી, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮, ૧૨ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓ કરેલા છે?

3. શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા જવાબ નીચે મુજબ છેઃ–

૧. હકારાત્મક.

૨. નકારાત્મક.

૩. આખરી હુકમ મુજબ.

## કા ર ણો

(૧૦) ભારતીય પુરાવા અધિનિયમ તથા ક્રિમીનલ જયુરસપુડન્સની જોગવાઈ મુજબ આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. જે મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત રીતે અને નિઃશંકપણે પુરવાર કરવો જોઈએ. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઈ પણ શંકા રાખી દે તો તે શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટે **Crimes 2016(4) Page No.114, Harbeer Singh V/s. Sheeshpal & Ors.** નાં પેરા–૧૧ માં એવું ઠરાવેલ છે કે, –

" It is a cardinal principle of criminal jurisprudence that the guilt of the accused must be proved beyond all reasonable doubt. The burden of proving its case beyond all reasonable doubt lies on the prosecution and its never shifts. ...."

તેવી જ રીતે નામદાર સુપ્રિમ કોર્ટે **2017 Cr.L.J. Page No.459, Maheshbhai RAtilal Bhil V/s. State of Gujarat** નાં પેરા–૧૫ માં જણાવ્યા મુજબ–

15. ... in case of RAjiv Singh v/s. State of Bihar & Anr. I(2016) CCR 70(SC) : (AIR 2016 SC(Cri) 238, it has been held in paragraph Nos. 60 to 63 as under :

“60. It is well entrenched principle of criminal jurisprudence that a charge can be said to be proved only when there is certain and explicit evidence to warrant legal conviction and that no person can be held guilty on pure moral conviction. Howsoever grave the alleged offence may be, otherwise stirring the conscience of any court, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is “fouler the crime higher the proof”. In unmistakable terms, it is the mandate of law that the prosecution in order to succeed in a criminal trial, has to prove the charge(s) beyond all reasonable doubt.

61. The above enunciations resonated umpteen times to be reiterated in Raj Kumar Singh alias Raju alias Batya V/s. State of Rajasthan (2013) 5 SCC 722 : (AIR 2013 SC-3150) as succinctly summarized in paragraph 21 (para 17 of AIR) as hereuner :

“21. Suspicion, however grave it may be cannot take the place of proof, and there is a large difference between something that “may be” proved and “will be proved”. In a criminal trial, suspicion no matter how strong, cannot and must

not be permitted to take place of proof. This is for the reason that the mental distance between "may be" and "must be" is quite large and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty ot ensure that mere conjectures or suspicion do not take the place of legal proof. The large distance between "may be" true and "must be" true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by the posecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be appliced. In such cases, while keeping in mind the distance between "may be" true and "must be" true, the court must maintain the vital distance between conjectures and sure conclusins to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The Court must ensure that miscarriage of justice is avoided and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused, keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but afair doubt that is based upon reason and common sense."

62. In supplementation, it was held in affirmation of the view takein Kali Ram V/s. State of H.P.

(1973) 2 SCC 808 : (AIR 1973 SC 2773), that if two views are possible on theevidence adduced in the case, on pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted.

63. In terms of this judgment, suspicion, howsoever grave cannot take the place of proof and the prosecution case to succeed has to be in the category of “must be” and not “may be” a distance to be covered by way of clear, cogent and unimpeachable evidence to rule out any possibility of wrongful conviction of the accused and resultant miscarriage of justice. ....”

તેમજ **નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૭(૩) જી.એલ.આર. પાના નંબર–૨૦૧૨, સ્ટેટ ઓફ બિહાર વિ. રાજબાલવ પ્રસાદનાં** ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, આરોપી સામે પોકસો એકટની જોગવાઈ મુજબનો ગુન્હાનો આક્ષેપ હોય ત્યારે સામાન્ય કાયદાનાં નિયમ મુજબ જયાં સુધી આરોપી સામેનો ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું માનવાનું રહે છે. પરંતુ આ કાયદામાં કલમ–૨૯ અને ૩૦ માં ખાસ જોગવાઈ કરેલ છે તે મુજબ આરોપીએ પુરવાર કરવાનું રહે છે કે પોતે નિર્દોષ છે. જે ચુકાદામાં કરેલ અવલોકન જોવામાં આવે તો–

22. The High Court also ignored another vital aspect, namely, while rejecting the bail application of co-accused, the High Court had ordered expeditious, any, day to day trial to ensure that the trial comes to an end most expeditiously. When order had already been passed to fast-track the trial, and the application of bail by co-

accused-Sandeep Suman @ Pushpanjay was also rejected, the High Court, while considering the bail application of the respondent, was supposed to take into consideration this material fact as well. Further, while making a general statement of law that the accused is innocent, till proved guilty, the provisions of Sec.29 of P.O.C.S.O. Act have not been taken into consideration, which reads follows :

*29. Presumption as to certain offences :* Where a person is prosecuted for commimtting or abetting or attempting to commit any offence under Sec.3, 5, 7 and Sec. 9 of this Act, the Special Court shall presume, that such person has committed or abetted or attempted to commmit the offence, as the case may be unless the contrary is proved.

આમ, ઉપરોકત ચુકાદામાં જણાવેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લઈ ને પ્રસ્તુત કેસમાં રજુ પુરાવાનું અવલોકન કરવાનું રહે છે.

**<u>મુદ્દા નંબર–૧ઃ–</u>**

(૧૧) પ્રસ્તુત કામનાં આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮, ૧૨ મુજબનાં ગુન્હાઓનું તહોમતનામું આંક–પ થી ફરમાવેલ છે. આ કામનાં આરોપી સામે પોકસો એકટની જોગવાઈ મુજબનો ગુનો દાખલ થયેલ છે. તે અંગે કાયદાકીય જોગવાઈ જોવામાં આવે તો પોકસો એકટની કલમ–૨૦૧૨ ની કલમ–૨(૧)(ડી) માં "Child" એટલે કે "બાળક" ની વ્યાખ્યા

આપવામાં આવેલ છે અને તે મુજબ ૧૮ વર્ષથી ઓછી ઉંમર ધરાવતી વ્યકિતનો સમાવેશ સદર કાયદા હેઠળનાં ગુનાઓ માટે ભોગ બનનાર "બાળક" ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે, એટલે કે, પોકસો એકટ–૨૦૧૨ હેઠળનાં ગુનાઓ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ દ્રારા ભોગ બનનાર/બાળકની ઉંમર બનાવ સમયે ૧૮ વર્ષ કરતાં નાની હતી તેવું શંકા રહીત રીતે પુરવાર કરવું અનિવાર્ય છે.

**(૧૧.૧)** ઉપરોકત વિગત અન્વયે હાલનાં કેસમાં પોકસો એકટની કલમ–૩૪ ની જોગવાઇ લક્ષમાં રાખી ભોગબનનાર ની ઉંમર નકકી કરતી વખતે Special Court એ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટકશન ઓફ ચીલ્ડ્રન) એકટની કલમ–૯૪ ની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે. તેમજ જુવેનાઇલ જસ્ટીસ રૂલ્સ–૨૦૦૭ નાં રૂલ–૧૨ અંગે નામદાર સુપ્રિમ કોર્ટે પોતાનાં **AIR-2013 SC-3467, Jarnail Singh v/s. State of Haryana** માં પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, રૂલ–૧૨ ની જોગવાઇ કાયદાનાં સંધર્ષમાં આવેલ કિશોરની સાથે સાથે ગુનામાં ભોગબનનાર માટે પણ ધ્યાને લેવી જોઇએ.

**(૧૧.૨)** પોકસો એકટની કલમ–૩૪ અને જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ–૯૪ ની જોગવાઇ જોવામાં આવે તો–

94. (1) Where, it is obvious to the Committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of

giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or section 36, as the case may be, without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining –

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an

ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

(3) The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.

ઉપરોકત જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ અને પોકસો એકટની કલમ–૩૪ નાં કાનુની જોગવાઈને ધ્યાને લેતાં તેમાં જુવેનાઈલ અને ભોગબનનારની ઉંમર નકકી કરવા સબંધે કાનુની જોગવાઈ કરવામાં આવેલ છે. હવે આ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તે પણ આ તબકકે ધ્યાને લેવા જરૂરી છે. જેમાં સૌ પ્રથમ નામદાર સર્વોચ્ચ અદાલતનાં ૨૦૧૩(૭) એસ.સી.સી. ૨૬૩ જરનેલસીં વિ. સ્ટેટ ઓફ હરીયાણાનાં ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં તેમાં એવું ઠરાવેલ છે કે, –

20. On the issue of determination of age of a minor, one only needs to make a reference to Rule 12 of the Juvenile

Justice (Care and Protection of Children) Rules, 2007 (hereinafter referred to as the 2007 Rules). The afore satated 2007 Rules have been framed under Section 68(1) of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2000. Rule 12 referred to hereinabove reads as under :

"12. Procedure to be followed in determination of Age :-

(1) In every case concerning a child or a juvenile in conflict with law, the court or the Board or as the case may be the Committee referred to in rule 19 of these rules shall determine the age of such juvenile or child or a juvenile in conflict with law within a period of thirty days from the date of making of the application for that purpose.

(2) The Court or the Board or as the case may be the Committee shall decide the juvenility or otherwise of the juvenile or the child or as the case may be the juvenile in conflict with law, prima facie on the basis of physical appearance or documents, if available, and send him to the observation home or in jail.

(3) In ever case concerning a child or juvenile in conflict with law, the age

determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining

(a)(i) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school(other than a play school) first attended; and in the absence where of;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year and while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or

the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any of the clauses (a)(i), (ii), (iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law.

(4) If the age of a juvenile or child or the juvenile in conflict with law is found to be below 18 years on the date of offence, on the basis of any of the conclusive proof specified in sub-rule (3), the court or the Board or as the case may be the Committee shall in writing pass an order stating the age and declaring the status of juvenility or otherwise, for the purpose of the Act and these rules and a copy of the order shall be given to such juvenile or the person concerned.

(5) Save and except where, further inquiry or otherwise is required, inter alia, in terms of section 7A, section 64 of the Act and these rules, no further inquiry shall be conducted by the court or the Board after examining and obtaining the certificate or any other documentary proof referred to in sub-rule (3) of this rule.

(6) The provisions contained in this rule shall also apply to those disposed off cases, where the status of juvenility has not been determined in accordance with the provisions contained in sub- rule(3) and the Act, requiring dispensation of the sentence under the Act for passing appropriate order in the interest of the juvenile in conflict with law."

Even though Rule 12 is strictly applicable only to determine the age of a child in conflict with law, we are of the view that the aforesaid statutory provision should be the basis for determining age, even for a child who is a victim of crime. For, in our view, there is hardly any difference in so far as the issue of minority is concerned, between a child in conflict with law, and a child who is a victim of crime. Therefore, in our considered opinion, it would be just and appropriate to apply Rule 12 of the 2007 Rules, to determine the age of the prosecutrix VW-PW6. The manner of determining age conclusively, has been expressed in sub- rule (3) of Rule 12 extracted above. Under the aforesaid provision, the age of a child is ascertained, by adopting the first

available basis, out of a number of options postulated in Rule 12(3). If, in the expressed in a preceding clause, it has overriding effect over an option expressed in a subsequent clause. The highest rated option available, would conclusively determine the age of a minor. In the scheme of Rule 12(3), matriculation (or equivalent) certificate of the concerned child, is the highest rated option. In case, the said certificate is available, no other evidence can be relied upon. Only in the absence of the said certificate, Rule 12(3), envisages consideration of the date of birth entered, in the school first attended by the child. In case such an entry of date of birth is available, the date of birth depicted therein is liable to be treated as final and conclusive, and no other material is to be relied upon. Only in the absence of such entry, Rule 12(3) postulates reliance on a birth certificate issued by a corporation or a municipal authority or a panchayat. Yet again, if such a certificate is available, then no other material whatsoever is to be taken into consideration, for determining the age of the child concerned, as the said

certificate would conclusively determine the age of the child. It is only in the absence of any of the aforesaid, that Rule 12(3) postulates the determination of age of the concerned child, on the basis of medical opinion.

ઉપરોકત ભોગબનનાર બાળકીની ઉંમર નકકી કરવા માટેનાં જે કાનુની પ્રબંધો છે તેમજ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો છે તેને લક્ષમાં રાખીને હાલનાં કેસમાં ભોગબનનારની ઉંમર બાબતે જે પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તેનું મુલ્યાંકન કરવાનું રહે છે.

(૧૧.૩) ઉપરોકત વિગત અન્વયે હાલનાં કેસમાં પોકસો એકટની કલમ–૩૪ ની જોગવાઇ લક્ષમાં રાખી ભોગબનનારની ઉંમર નકકી કરતી વખતે Special Court એ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટકશન ઓફ ચીલ્ડ્રન) એકટની કલમ–૯૪ ની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે. તેમજ જુવેનાઇલ જસ્ટીસ રૂલ્સ–૨૦૦૭ નાં રૂલ–૧૨ અંગે નામદાર સુપ્રિમ કોર્ટે પોતાનાં **AIR-2013 SC-3467, Jarnail Singh v/s. State of Haryana** માં પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, રૂલ–૧૨ ની જોગવાઇ કાયદાનાં સંઘર્ષમાં આવેલ કિશોરની સાથે સાથે ગુનામાં ભોગબનનાર માટે પણ ધ્યાને લેવી જોઇએ.

(૧૧.૪) જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ–૯૪ ની સાથે જુવેનાઇલ જસ્ટીસ રૂલ,૨૦૦૭ નાં રૂલ–૧૨ ની જોગવાઇ સાથે વાંચતા અદાલતે પ્રથમ ભોગબનનારની ઉંમર અંગે

(i) તેનું મેટ્રીકયુલેશન અથવા તેને સમકક્ષ સર્ટીફીકેટ ધ્યાને લેવાનું રહે છે.

(ii) નંબર–(i) ઉપલબ્ધ ન હોય ત્યારે, પ્લે સ્કુલ સિવાય પ્રથમ સ્કુલ દ્ધારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર.

(iii) નંબર–(ii) અને (iii) ઉપલબ્ધ ન હોય ત્યારે કોર્પોરેશન,મ્યુનિસીપલ ઓથોરીટી અથવા પંચાયત દ્ધારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર ધ્યાનમાં લેવું.

(iv) ઉપરોકત ક્રમ નંબર– (i), (ii) અને (iii) ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં આ અંગે બનાવવામાં આવેલ મેડીકલ બોર્ડનો અભિપ્રાય ધ્યાને લેવાનો રહે છે.

**(૧૧.૫)** ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ નજર સમક્ષ રાખીને હાલનાં કેસમાં બનાવ સમયે એટલે કે તા.૧–૮–૨૦૨૫ ના રોજ ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછી હતી, તે હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીનો પુરાવો આંક–૧૦ થી રજૂ થયેલ છે. જેમાં તેમણે ભોગ બનનારે ધોરણ–૧૦ સુધી અભ્યાસ કરેલ છે. પરંતુ ભોગબનનારની ઉંમર બાબતે કોઇ પુરાવો રજુ કરેલ નથી. તેવી જ રીતે ભોગબનનારે પોતાનાં આંક–૦૮ થી રજુ થયેલ પુરાવામાં પણ તેણીની ઉંમર બાબતે કોઇ પુરાવો રજુ કરેલ નથી. પરંતુ તપાસનીશ અધિકારીએ પોતાનાં આંક–૨૯ નાં રજુ પુરાવામાં ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર આંક–૩૭ થી રજૂ કરેલ છે જેમાં ભોગ બનનારની જન્મ તા.૧૭–૫–૨૦૦૮ ની દર્શાવેલ છે. તપાસનીશ અધિકારીએ પણ તેમના પુરાવામાં ભોગ બનનારના જન્મના દાખલાની ખરાઇ કરીને આંક–૩૮ થી ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની ખરાઇ કરી આપેલ રિપોર્ટ રજૂ કરેલ છે. આ હકીકતોનું ખંડન આરોપી તરફથી

કરવામાં આવેલ નથી કે આ હકીકતોનો ઈન્કાર કરેલ નથી. આમ, ફરિયાદીએ, ભોગ બનનારના પિતા અને ભોગબનનારે પોતાના પુરાવામાં જન્મ તારીખ બાબતે મજબુત પુરાવો રજુ કરેલ નથી. પરંતુ તપાસનીશ અધિકારીનાં પુરાવા થી ભોગબનનારની જન્મ તારીખ–૧૭/૦૫/૨૦૦૮ નાં રોજની હોવાની હકીકતોને સમર્થન મળે છે.

**(૧૧.૪)** જયારે સદર કામે આંક– ૩૭ થી ભોગબનનારનુ જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ છે. જે પુરાવામાં વંચાણે લેવામાં આવે તો તેમાં ભોગ બનનારનું નામ અને તેની જન્મ તારીખ બતાવેલ છે જે મુજબ જન્મ તા.૧૭–૫–૨૦૦૮ ના રોજની છે અને આ હકીકતને બચાવપક્ષે કોઇ તકરાર લીધેલ નથી. આમ, ભોગ બનનારના આંક–૩૭ ના જન્મ પ્રમાણપત્રના આધારે ભોગ બનનારની ઉંમર બનાવ સમયે ૧૭ વર્ષના હોવાનું સાબિત થાય છે. આમ, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું સાબિત કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ છે. જેથી મુદ્દા **નંબર–૧ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર–૨ઃ–</u>**

**(૧૫)** પ્રસ્તુત કામે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮, ૧૨ મુજબના ગુનાનો આક્ષેપ છે આ અંગેની જોગવાઇ મુજબ આરોપી એ ગુનો કરેલ છે કે કેમ તે અંગે રજુ થયેલ પુરાવો જોવાનો રહે છે.

(૧૬) પ્રસ્તુત કેસમાં **P.W.-2** ફરીયાદીએ ભોગબનનારની માતા છે. તેઓએ આંક–૧૧ થી જે ફરીયાદ આપેલ છે તે જોવામાં આવે તો તેમાં એવી હકીકતો જણાવેલ છે કે, ફરિયાદી છેલ્લાં એક વર્ષથી ભાડાના મકાનમાં પરિવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે. મારા પરિવારમાં મારા પતિ છુટકમાં ફર્નિચર કામ કરે ચે. મારે સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. જેમાં સૌથી મોટી દિકરી ભોગ બનનાર તે હાલ ઉ.વ.૧૭ વર્ષ ૩ મહિના ૯ દિવસ(જન્મના દાખલાના આધારે જન્મ તારીખ – ૧૭–૫–૨૦૦૮) છે.

ગઈ તા.૧–૮–૨૦૨૫ ના રોજ સવારના આશરે નવેક વાગ્યે મારા પતિ અમારા દિકરાને સાથે લઈને તેના કામ પર જતા રહેલ બાદ હું તથા મારી ભોગ બનનાર દિકરી તથા નાની દિકરી અમારા ઘરે હાજર રહી અમારૂં કામકાજ કરતા હતા બાદ બપોરના આશરે ત્રણેક વાગ્યાના અરસામાં મારી ભોગ બનનાર દિકરી નાની દિકરીના ખાવા માટે ભુંગળા લેવા નીચે જાવ શું તેમ કહી ઘરેથી એકલી ગયેલ. જે બાદ થોડો ભોગ બનનાર ઘરે પરત આવેલ નહીં. જેથી અમો નીચે સોસાયટીમાં જઈને તપાસ કરતાં ભોગ બનનાર ત્યાં મળી આવેલ નહીં. જેથી અમારા રહેણાંકના વિસ્તારમાં તથા આજુબાજુની સોસાયટીમાં, બાગ–બગીચા, રેલ્વે સ્ટેશન, બસ સ્ટોપ, પુણા ગામ વિસ્તારમાં શોધખોળ કરતા મળી આવેલ નથી અને અમારા સગા સંબંધીને ત્યાં ભોગ બનનારની તપાસ કરાવેલ પરંતુ ભોગ બનનાર ત્યાં પણ મળી આવેલ નહીં. જેથી અમો પરિવાર સાથે અમારા વતન ગામ રામપુર, જિ.જોનપુર (ઉત્તરપ્રદેશ) જતા રહેલ ત્યાં અમારા વતન ગામ ખાતે અમારી દિકરીની આજદિન સુધી શોધખોળ કરતા મળી આવેલ નહીં. જેથી મારી દિકરી ભોગ બનનારનું કોઈ અપહરણ કરેલ હોવાની શંકા જતા અજાણ્યા ઈસમ વિરૂધ્ધ આજરોજ ફરિયાદ

લખાવવા આવેલ છે. મારી દિકરી ભોગ બનનારનું જન્મપ્રમાણપત્રની નકલ રજૂ કરે છે.

**<u>ભોગ બનનારના માતા–પિતાઃ–</u>**

(૧૬.૧) પ્રસ્તુત કામે **P.W.-2** ફરીયાદી/ભોગ બનનારની માતાનો પુરાવો આંક–૧૦ થી રજૂ થયેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે,તેમના પરિવારમાં તેમના પતિ જે છુટકમા ફર્નીચરનુ કામ કરે છે. તેમને સંતાનમા બે દિકરા અને બે દિકરી છે , જેમા ભોગ બનનાર સૌથી મોટી દિકરી છે. તેમની ભોગ બનનાર દિકરીએ ધોરણ–૧૦ સુધી અભ્યાસ કરેલો છે. બનાવ આશરે પાંચેક મહીના પહેલા બનેલો. બનાવમા તેમની ભોગ બનનાર દિકરીને તેઓએ ઘરકામ બાબતે ઠપકો આપતા તેમની ભોગ બનનાર દિકરી તેમના ઘરના કોઈપણ સભ્યને કંઈપણ કહ્યા વગર તેમના મુળ વતન ચાલી ગયેલી. તેમની ભોગ બનનાર દિકરી તેમના ઘરે મળી ન આવતા તેઓએ તેણીના ગુમ થયા અંગેની પોલીસમા ફરીયાદ આપેલી અને તેમની એક તૈયાર લખેલા કાગળ ઉપર સહી લીધેલી. ત્યારબાદ થોડા દિવસ પછી તેમની ભોગ બનનાર દિકરી પરત આવી જતા તેઓ તેમની દિકરીને લઇને પોલીસ સ્ટેશન ગયેલા અને ત્યા પોલીસે તેમની ભોગ બનનાર દિકરીને એક તૈયાર લખેલા કાગળ પર સહી લઇ લીધેલી. ત્યારબાદ પોલીસે તેમને એક પોલીસ કર્મચારી સાથે કોર્ટમા લઈ ગયેલા અને ત્યા સાહેબ સમક્ષ શુ બોલવાનુ છે તેવી વિગત તેમની ભોગ બનનાર દિકરીને પોલીસ કર્મચારીએ જણાવેલી અને તેઓના જણાવ્યા મુજબની તેમની ભોગ બનનાર દિકરીએ હકીકત સાહેબ સમક્ષ જણાવેલી. તેવી જ રીતે પોલીસે તેમને એક પોલીસ કર્મચારી સાથે હોસ્પીટલમા લઈ ગયેલા અને ત્યા ડોક્ટર સાહેબ સમક્ષ શુ બોલવાનુ છે તેવી વિગત તેમની ભોગ બનનાર

દિકરીને પોલીસ કર્મચારીએ જણાવેલી અને તેઓના જણાવ્યા મુજબની તેમની ભોગ બનનાર દિકરીએ હકીકત ડોક્ટર સમક્ષ જણાવેલી. તેઓ પોલીસ સ્ટેશનમા ફક્ત એક જ વખત ગયેલા ત્યારબાદ તેમને કોઇ જગ્યાએ જવાનુ થયેલુ નહીં. આરોપી તેઓ અગાઉ જ્યા રહેતા હોય તેજ મહોલ્લામા રહેતો હોય જેથી તેઓ તેમને ઓળખે છે. તેમને ફરિયાદ બતાવતાં જેમા તેમની સહી છે જે તેઓ ઓળખે છે જે આંક–૧૧ થી રજુ છે. ફરિયાદી ફરિયાદ હકીકતને સમર્થન ન આપતાં વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદીને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે અને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પુછતાં પણ તેઓ ફરિયાદ હકીકતને સમર્થન આપતાં નથી.

(૧૬.૨) ફરિયાદીનું બચાવપક્ષ તરફથી ઉલટતપાસ કરવામાં આવતાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, ભોગ બનનારની જન્મ તારીખનો કોઇ પુરાવો તેમણે પોલીસને આપેલો નથી, તેમને ગુજરાતી લખતા વાંચતાં આવડતું નથી, પોલીસે તેમને સહી કરવાનું કહેતાં તેમણે સહી કરી આપેલી, તેમની દિકરીને તેમણે તથા તેમના પતિએ ઘરકામ બાબતે ઠપકો આપેલો તેતી તેણી અમોને કહ્યા વગર અમારા મુળ વતન ચાલી ગયેલી, આરોપીએ મારી ભોગ બનનાર દિકરી સાથે કોઇ અપકૃત્ય કરેલ નથી.

(૧૬.૩) સદર સાહેદના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાય છે કે, તેમની ભોગ બનનાર દિકરીને ઘરકામ બાબતે ઠપકો આપતાં તેણી ઘરના કોઇ પણ સભ્યોને કે કોઇને પણ કહ્યા વગર તેના મુળ વતન ચાલી ગયેલી અને તેણીને તેની ભુલનો અહેસાસ થતાં તેણી પાછી સુરત આવી ગયેલ છે. આમ, ફરિયાદી અને ભોગ બનનારના માતાનો પુરાવો જોતાં તેઓએ ફરિયાદને સમર્થનકારી પુરાવો રજૂ કરેલ નથી

અને ભોગ બનનારે તેણીને કોઇ હકીકત જણાવેલ હોય તે બાબતને સમર્થન મળતું નથી.

(૧૭) ફરિયાદપક્ષે **P.W.-6** ભોગ બનનારના પિતાનો પુરાવો આંક–૨૫ થી રજૂ થયેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, તેઓ તેમની પત્ની સાથે રહે છે અને છુટકમા ફર્નીચરનુ કામ કરે છે. તેમને સંતાનમા બે દિકરા અને બે દિકરી છે , જેમા ભોગ બનનાર સૌથી મોટી દિકરી છે. તેમની ભોગ બનનાર દિકરીએ ધોરણ–૧૦ સુધી અભ્યાસ કરેલો છે. બનાવ આશરે પાંચેક મહીના પહેલા બનેલો. બનાવમા તેમની ભોગ બનનાર દિકરીને તેમની પત્નીએ ઘરકામ બાબતે ઠપકો આપતા તેમની ભોગ બનનાર દિકરી તેમના ઘરના કોઈપણ સભ્યને કંઈપણ કહ્યા વગર તેમના મુળ વતન ચાલી ગયેલી. તેમની ભોગ બનનાર દિકરી તેમના ઘરે મળી ન આવતા તેમની પત્નીએ તેણીના ગુમ થયા અંગેની પોલીસમા ફરીયાદ આપેલી અને તેમની પત્નીની એક તૈયાર લખેલા કાગળ ઉપર સહી લીધેલી. ત્યારબાદ થોડા દિવસ પછી તેમની ભોગ બનનાર દિકરી પરત આવી જતા તેઓ તેમની દિકરીને લઇને પોલીસ સ્ટેશન ગયેલા અને ત્યા પોલીસે તેમની ભોગ બનનાર દિકરીને એક તૈયાર લખેલા કાગળ પર સહી લઇ લીધેલી. ત્યારબાદ પોલીસે તેમને એક પોલીસ કર્મચારી સાથે કોર્ટમા લઇ ગયેલા અને ત્યા સાહેબ સમક્ષ શુ બોલવાનુ છે તેવી વિગત તેમની ભોગ બનનાર દિકરીને પોલીસ કર્મચારીએ જણાવેલી અને તેઓના જણાવ્યા મુજબની તેમની ભોગ બનનાર દિકરીએ હકીકત સાહેબ સમક્ષ જણાવેલી. તેવી જ રીતે પોલીસે તેમને એક પોલીસ કર્મચારી સાથે હોસ્પીટલમા લઇ ગયેલા અને ત્યા ડોક્ટર સાહેબ સમક્ષ શુ બોલવાનુ છે તેવી વિગત તેમની ભોગ બનનાર

દિકરીને પોલીસ કર્મચારીએ જણાવેલી અને તેઓના જણાવ્યા મુજબની તેમની ભોગ બનનાર દિકરીએ હકીકત ડોક્ટર સમક્ષ જણાવેલી. તેઓ પોલીસ સ્ટેશનમા ફક્ત એક જ વખત ગયેલા ત્યારબાદ તેમને કોઇ જગ્યાએ જવાનુ થયેલુ નહી. આરોપી તેઓ અગાઉ જ્યા રહેતા હોય તેજ મહોલ્લામા રહેતો હોય જેથી તેઓ તેને ઓળખે છે. સદર સાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે અને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પુછતાં પણ તેઓ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં નથી. આમ, આ સાહેદના પુરાવાથી પણ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતું નથી અને આરોપીએ જ તહોતમનામા મુજબનો ગુનો કરેલ હોવાનું નિઃશંકપણે સાબિત થતું નથી.

(૧૮) ફરીયાદપક્ષનાં કેસની હકીકતો તથા ફરીયાદ જોવામાં આવે તો ભોગબનનાર એ મુખ્ય સાક્ષી છે અને તેનો પુરાવો મહત્વનો છે. ફરિયાદપક્ષે **P.W.-1** ભોગ બનનારનો પુરાવો આંક-૦૮ થી રજૂ થયેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, તેમના પરિવારમાં માતા-પિતા છે. તેઓ ચાર ભાઇ-બહેન છે, તેમાં તેઓ સૌથી મોટી છે. તેમણે ધોરણ-૧૦ સુધી અભ્યાસ કરેલો છે. આશરે છ, સાડા છ મહીના પહેલા બનાવ બનેલો. તેઓ તેમના ઘરેથી પર્વત પાટીયા ગયેલી. ત્યારબાદ તેઓ પર્વત પાટીયાથી કડોદરા ગયેલી, અને ત્યાથી તેમને આવવામાં મોડુ થયેલુ. તેમના પિતાએ એવુ કહેલુ કે તુ જો પાછી આવશે તો તને ઝેર આપી દઇશુ. ત્યારબાદ તેઓ આરોપી સાથે ગામ જતી રહેલી. ત્યારબાદ તેમની તેમના ઘરવાળા સાથે વાત થતી હતી. જે વાતચીતમાં તેમના પિતાએ આરોપી પાસેથી

રુપીયા દસ લાખ માંગેલા. ત્યારે આરોપીએ કહેલુ કે મારી પાસે દસ લાખ રુપીયા નથી, હુ થોડા–થોડા કરીને રુપીયા આપીશ. ત્યારબાદ તેઓ ગામથી સુરત પરત આવી ગયેલા. સુરત આવ્યા બાદ તેઓ કડોદરા આરોપીને ત્યા રહેતી હતી, ત્યારે તેમના પિતાનો ફોન આવેલો અને તેમને જણાવેલુ કે તુ ઘરે આવી જા નહી તો હુ કેસ કરી દઈશ. ત્યારે તેમણે તેમને કહેલુ કે હુ ઘરે આવુ છુ પરંતુ તેમના પિતાએ કહેલુ કે તને ઘરમાં પ્રવેશવા દઈશ નહી. ત્યારબાદ તેમના પિતાએ પોલીસ કેસ કરતા તેમને પુણા પોલીસ સ્ટેશન લઈ ગયેલા. પોલીસ સ્ટેશનમાં પોલીસે લખાણ તૈયાર કરેલ અને તેમના ઉપર દબાણ કરતા તેમણે લખાણ વાંચેલુ નહી અને તે લખાણ પર તેમણે સહી કરેલી. પોલીસ કર્મચારીએ તેમની પાસેથી કપડા માંગતા, તેમણે તેઓને કપડા આપેલા. તેમણે જે કપડા પહેર્યા હતા તે કપડા પોલીસે માંગેલા હતા. જે કપડામાં એક પિંક કલરની ડ્રેસ હતી. જે કપડાં મુદ્દામાલ આર્ટી.નં.૪ થી ૮ વાળા બતાવતાં તે ભોગ બનનારના જ છે જે ઓળખી બતાવે છે. પોલીસ સ્ટેશનમાંથી તેઓ મેડીકલ હોસ્પિટલ ગયેલા. ત્યા તેમનું મેડીકલ ચેકઅપ થયેલુ. ત્યારબાદ તેમને ઘરે મોકલી આપેલી. પોલીસ સાથે તેઓ પંચનામા માટે છોકરાના ઘરે ગયેલી. પોલીસ સાથે તેઓ તેમનું નિવેદન લખાવવા કોર્ટમાં ગયેલી, ત્યા તેમને બનાવ બાબતે પુછવામાં આવેલુ. ત્યારબાદ તેમને પરત ઘરે મોકલી આપવામાં આવેલા. તેમને એક ગ્રીન કલરના કવરમાંથી બી.એન.એસ.એસ ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન બતાવતાં જેમાં બંને પાના ઉપર તેમની સહી છે, જે તેઓ ઓળખે છે જે આંક–૯ થી રજુ કરેલ છે.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોય વિ.એ.પી. પી.શ્રીએ સદર સાહેદને ફરી ગયેલ સાહેદ તરીકે

જાહેર કરેલ છે અને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પુછતાં પણ તેઓ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં નથી.

(૧૮.૧) બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓ તેમની મરજી એકલી ઘરેથી ઘર છોડીને જતી રહેલી, તેમના પિતાએ તેમને ઝેરી દવા પીવડાવવાની ધમકી આપેલી તેથી તેણી ઘરે ગયેલી નહીં, તેમના પિતાએ આરોપી પાસેથી રૂપિયા દસ લાખની માંગણી કરેલી અને આરોપીએ તે રકમ ન આપતાં, તેમના પિતાએ હાલની આ ફરિયાદ દાખલ કરેલી,પોલીસે પોતાની જાતે હકીકતો લખી લીધેલી, મેડીકલ ચેકઅપ માટે તેણીને પોલીસ લઇને ગયેલી, તેમણે કોર્ટમાં આપેલું નિવેદન વાંચેલુ નહીં પરંતુ માત્ર સહી કરેલી, તેમની સાથે કોઇએ જબરદસ્તી કરેલી નહીં, મેં મારૂ નિવેદન વાંચેલ નથી તેથી તેમાં શું લખેલુ છે તેની તેમને ખબર નથી, રિપોર્ટમાં મેડીકલ ઓફિસરે શું લખેલું તેની તેમને ખબર નથી, તેમની ફકત સહી લીધેલી.

(૧૮.૧) ભોગબનનારનું મેજી. શ્રી સમક્ષ જે આંક-૦૯ થી નિવેદન આપેલ તે વંચાણે લેતાં જણાય છે કે,"તા.૨૪-૬-૨૦૨૩ કો મે ઓર ગણેશ કૃષ્ણાસીંગ રાજપુત કડોદરા મે વાસ્તુપુજન સોસાયટી મે મીલી થી. મે પહેલે વાસ્તુપુજન સોસાયટી મે રહેતી થી ઓર યે ગણેશ મેંરે ઘર કે પીછે કી સાઇડ રહેતા થા. એસે હમારી ફોન પર બાતચીત શરૂ હુઇ. યે બાત મેંરે ઘર પર માલુમ પડ ગયી થચી, ઇસીલીયે હમ લોગ સુરત સીટી મે રહેને આ ગયે. તા.૧-૮-૨૦૨૫ કો મેને ગણેશ કો ફોન કીયા થા ઓર ઉસસે પુછા કી તુમ કહા હો, તો ઉસને બતાયા કી મે પર્વત પાટીયા હુ, તો મે ઉસસે મિલને પર્વત પાટીયા ગયી થી. ઉસને મુજસે બોલા કી મે અપને ઘર કડોદરા જા રહા હુ, તો મેને ઉસે હોલા કી મે ભી તુમ્હારે સાથ કડોદરા આઉંગી. મેં જબ ઘર સે નિકલી

તબ મેને મમ્મી કો બતાયા થા કી મે ગણેશ સે મિલને જા રહી હુ, એસા કહેકર મે ગણેશ સે મિલને ગયી થી. મે ફીર ગણેશ કે સાથ કડોદરા ચલી ગયી થી. ફીર મેને મેંરે પાપા કો ફોન લગાયા થા ઓર ઉનસે કહાં કી મે અબ ઘર નહી આઉંગી, તો મેંરે પાપાને બતાયા કી તુમ્હે જૈસા કરના હૈ વેસા કરો ઓર મે પુલીસ કેસ કર દુંગા. ઉસકે બાદ મે ઓર ગણેશ સુરત સ્ટેશન સે ટ્રેન સે ગણેશ કે ગાંવ શિવપુર,........ હમ દોનો ગાંવ ગયે થે ઉસ દૌરાન મેરી મરજી સે હમ દોનો કે બીચ દો સે તીન બાર શારીરિક સંબંધ બને થે. .....

(૧૮.૩) આમ, ભોગ બનનારના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાય છે કે, ભોગ બનનારે કોર્ટ રૂબરૂની જુબાનીમાં અને બી.એન.એસ.એસ.ની કલમ– ૧૮૩ મુજબના નિવેદનમાં વિરોધાભાસી હકીકતો જણાવેલ છે. જયારે ખુદ ભોગ બનનાર કોર્ટ સમક્ષના પુરાવામાં બનાવની હકીકતને સમર્થન આપતાં ન હોય અને વિ.સરકારી વકીલશ્રીએ તેણીને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસના પ્રશ્નો પુછતાં તેમાં પણ પોતાના મેજિ.શ્રી સમક્ષના નિવેદનને સમર્થનકારી પુરાવો રજૂ કરતાં ન હોય ત્યારે ભોગ બનનારના પુરાવાના આધારે આરોપીને સદર ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહીં. તેમજ બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનાં નિવેદનમાં જે હકીકતો જણાવેલ છે તેને ભોગબનનારનાં પુરાવાથી સમર્થન મળતું નથી. આમ, જયારે ભોગબનનારનો પુરાવો નબળો, શંકાસ્પદ હોય તે સંજોગોમાં આ નિવેદન એ મુખ્ય પુરાવાને સમર્થન કરતા પુરાવાનાં આધારે આરોપી સામેનો ગુનો સાબીત માની શકાય નહી.

**<u>મેડીકલ ઓફિસરોઃ–</u>**

(૧૯) પ્રસ્તુત કામે **P.W.-3** ડૉ.મલિકા યતિનકુમાર માંગુકીયાનો પુરાવો આંક–૧૨ થી રજૂ થયેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે,તા. ૨૮/૮/૨૦૨૫ ના રોજ તેઓ ફરજ પર હાજર હતા તે દરમ્યાન સવારના ૧૦.૩૫ વાગ્યાના સુમારે ડબલ્યુ. એલ.આર. કોમલબેન, બ.નં.૪૧૭૩ નાઓ પુણા પોલીસ સ્ટેશનની યાદી સાથે આ કામના ભોગ બનનારને તેઓ તરફ તપાસણી અર્થે લાવેલા. ભોગ બનનારે તેમની સમક્ષ જાતે હિન્દી ભાષામાં હિસ્ટ્રી આપેલી જે તેમણે અંગ્રેજી ભાષામાં લખેલી છે તે મુજબ,*"તે આરોપીને છેલ્લા અઢી વર્ષથી ઓળખે છે અને છેલ્લા બે વર્ષમા તેમણે લગભગ બે થી ત્રણ વાર શારીરીક સંબંધ કોન્ડમની મદદ વગર અને મદદ સાથે પોતાની મરજીથી રાખ્યો છે. તે બંને તા.૧/૮/૨૫ ના રોજ ૨૬ દિવસ માટે ઘરમાથી જતા રહેલા. છેલ્લો શારીરીક સબંધ તારીખ–૨૩/૮/૨૫ ના રોજ નિરોધનો ઉપયોગ વગર તેની મરજીથી રાખવામા આવેલો.હમણા ભોગ બનનારને તેના પાર્ટનરની ચિંતા છે."* ભોગ બનનારને તપાસતા તેને આગાઉ ડોક્ટરશ્રી સમક્ષ આપેલ હિસ્ટ્રી તેઓ સમક્ષ જણાવેલી. તે દરમ્યાન ભોગ બનનાર કોઈપણ ઉદાસીનતા,ચિંતા રોગ, પેનીક એટેક, ગાંડપણના સીમટન્સ જણાયેલ નહી. ઉપરાંત તેમણે કોઈ મરવાના વિચાર આવતા ન હતા. ભોગ બનનારની માનસીક તપાસ એકદમ નોર્મલ હતી. તેમને ભોગ બનનારના કેસ પેપર્સ બતાવતાં જે તેમના હસ્તાક્ષરમાં છે તેમાં નીચે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આંક–૧૩ થી રજુ કરેલ છે.

**(૧૯.૧)**બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે,ભોગ બનનાર સંપુર્ણ સભાન અવસ્થામાં હતી.

**(૧૯.૨)**સદર સાહેદના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાય છે કે,સદર મેડીકલ ઓફિસરશ્રી સમક્ષ ભોગ બનનારે હિસ્ટ્રી આપેલ છે અને તેમાં આરોપીએ તેણીની સાથે શરીર સંબંધ બાંધેલાનું જણાવે છે પરંતુ જયારે ખુદ ભોગ બનનારે કોર્ટ સમક્ષના પુરાવામાં બનાવની હકીકતને સમર્થનકારી પુરાવો રજૂ કરતાં ન હોય ત્યારે મેડીકલ ઓફિસરશ્રીનો પુરાવો એ મુખ્ય પુરાવાને સમર્થનકારી પુરાવા તરીકે વંચાણે લેવાનો રહે છે. આમ, મુખ્ય પુરાવો નબળો હોય ત્યારે સમર્થનકારી પુરાવાના આધારે આરોપી સામેનો ગુનોનિઃશંકપણે સાબિત માની શકાય નહીં તેમજ આ મેડીકલ ઓફિસરશ્રીના પુરાવાથી પણ ભોગ બનનારના શરીર ઉપર કોઇ ઈજા જોવા મળેલ નથી અને તેણીની સાથે જબરજસ્તી થયેલ હોય તેવું પણ સ્પષ્ટ થતું નથી.

**(૨૦)** પ્રસ્તુત કામે **P.W.-4** ડૉ.શ્રેયા ગીરધારી અગ્રવાલનો પુરાવો આંક–૧૪ થી રજૂ થયેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, તા.૨૭/૦૮/૨૦૨૫ ના રોજ તેઓ સ્મીમેર હોસ્પીટલ ખાતે ગાયનેક વિભાગમાં ફરજ બજાવતી હતી તે વખતે પુણાગામ પો.સ્ટે. ના વુ. પો. કો. સંગીતાબેન, બકકલ નં.૫૩૬૫ નાઓની સાથે ભોગ બનનારને મોકલી આપેલ. ત્યારબાદ તેમણે ભોગ બનનારની શારીરીક તપાસણી માટે કેસ પેપરમાં તેણીની સંમતિ લઈ સહી લીધેલી. ભોગ બનનારનુ આઈડેન્ટીફીકેશન માર્ક જોતા આંખની જમણી બાજુ કાળા તલનુ નિશાન હતુ અને તેના ડાબા હાથના અંગુઠાનુ નિશાન કેસ પેપરમા લીધેલુ.ત્યારબાદ સદર ભોગ

બનનારને બનાવ અંગેની હકીકત ગુજરાતી ભાષામા પુછતા તેમણે હિન્દી ભાષામા લખેલી અને તેણીએ જણાવેલુ કે,"ભોગ બનનાર આરોપી કો ઢાઈ સાલ સે એક દુસરે કો જાનતી હૈ. ભોગ બનનાર ઔર આરોપી એક હી સોસાયટીમા રહતે થે. ઈસ દૌરાન દોનો કી મુલાકાત હુઈ. દોનો કે બીચ ફોન પર બાતચીત હોતી થી. બાદ મહીને પહેલે ભોગ બનનાર પુણા પાટીયા આકર રહને લગી. ફીર ભી દોનો એક દુસરે સે મીલતે થે. જીસ દૌરાન દો તીન બાર ભોગ બનનાર કી મરજી સે શારીરીક સબંધ બીના કીસી ગર્ભનીરોધક કા ઉપયોગ કીયે બનાયા થા. ફીર તા. ૧/૮/૨૫ કો દોનો વારાનસી સે શિવપુર ગાવ મે અપને ભાઈ ભાભી કે ઘર રુકે. વહા ૧૯ દિન રૂકને કે બાદ તા–૨૧/૮/૨૫ કો ફિર સે સુરત આ ગયે થે ઔર કડોદરા આરોપી કે ઘર રૂકે થે તબ પુલીસને ઘર પર ધરપકડ કી. આખરીબાર શારીરીક સબંધ તા.૨૩/૮/૨૫ કો બનાયા થા. બીના કીસી ગર્ભનિરોધક કા ઉપયોગ કરે." હિસ્ટ્રીની નીચે ભોગબનનારની અને તેની માતાની સહીઓ લીધેલી. ત્યારબાદ તેણીની શારીરીક તપાસ કરતા તેણીના વાયટલ પેરામીટર્સ નોર્મલ હતા. શરીર પર કોઈ ઈજાના નિશાનો જણાયેલા નહીં. ગુપ્ત ભાગે તપાસ કરતાં હાયમન જૂનુ તુટેલુ હતુ. ત્યાં કોઈ તાજા કે જુના નિશાન ન હતા. તેમણે ભોગ બનનારની તપાસ દરમિયાન યુરેથ્રલ સ્વોબ અને વજાયનલ સ્વોબના નમુના લીધેલ અને તે સીલબંધ હાલતમાં આવનાર વુ.પો.કો. સુપરત કરેલા. તેમના મંતવ્ય મુજબ ભોગ બનનાર સાથે જબરદસ્તીથી શરીર સંબંધ બાંધેલાના કોઈ નિશાનો જણાઈ આવેલ નહી. પરંતુ ભુતકાળમા સેક્સ્યુઅલ અસોલ્ટ થયેલાનુ નકારી શકાય નહી. તેમને ભોગ બનનારનો એક્ઝામીનેશન રીપોર્ટ બતાવતાં જે તેમના હસ્તાક્ષરમા છે

જેમા નીચે તેમની સહી છે જે તેઓ ઓળખે છે જે આંક–૧૫ થી રજુ કરેલ છે.

**(૨૦.૧)**બચાવપક્ષ દ્બારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે,ભોગ બનનારને પોલીસ ચાદી સાથે લાવેલા, ચાદીમાં પોલીસે હિસ્ટ્રી લખેલી હતી, જેનો તેમણે અભ્યાસ કરેલો, ભોગ બનનાર સાથે કોઇ બળજબરી થયેલી નથી, ભોગ બનનારના શરીર ઉપર આંતરીક કે બાહ્ય ભાગમાં ઈજાના કોઈ નિશાનો જોવા મળેલા નથી, હાઈમન તુટવાના ઘણા કારણો હોય છે.

**(૨૦.૨)**સદર સાહેદના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાય છે કે,સદર મેડીકલ ઓફિસરશ્રી સમક્ષ ભોગ બનનારે હિસ્ટ્રી આપેલ છે અને તેમાં આરોપીએ તેણીની સાથે શરીર સંબંધ બાંધેલાનું જણાવે છે પરંતુ જયારે ખુદ ભોગ બનનારે કોર્ટ સમક્ષના પુરાવામાં બનાવની હકીકતને સમર્થનકારી પુરાવો રજૂ કરતાં ન હોય ત્યારે મેડીકલ ઓફિસરશ્રીનો પુરાવો એ મુખ્ય પુરાવાને સમર્થનકારી પુરાવા તરીકે વંચાણે લેવાનો રહે છે. આમ, મુખ્ય પુરાવો નબળો હોય ત્યારે સમર્થનકારી પુરાવાના આધારે આરોપી સામેનો ગુનોનિઃશંકપણે સાબિત માની શકાય નહીં તેમજ આ મેડીકલ ઓફિસરશ્રીના પુરાવાથી પણ ભોગ બનનારના શરીર ઉપર કોઈ ઈજા જોવા મળેલ નથી અને તેણીની સાથે જબરજસ્તી થયેલ હોય તેવું પણ સ્પષ્ટ થતું નથી.

**(૨૧)** પ્રસ્તુત કામે **P.W.-5** ડૉ.સની નારણભાઈ ધારીયાનો પુરાવો આંક–૧૬ થી રજૂ થયેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે,તા. ૨૮/૮/૨૦૨૫ ના રોજ તેઓ સ્મીમેર હોસ્પીટલમાં ફરજ બજાવતા હતા તે વખતે રાત્રીના ૧.૦૪ વાગ્યે પુણા પો.સ્ટે. ના પી.આઇ.શ્રી ડી.કે.ગમારાનાઓની લેખિત યાદી સાથે એચ.સી. કિરણભાઈ, બ.નં.૩૩૦ નાઓ મેડીકલ લેખિત યાદી સાથે આરોપી

નામે–ગણેશ ઉર્ફે હર્ષ ક્રિષ્નાસીંહ રાઠોડ,ઉ.વ.૧૮ ને લઈને તેમની પાસે તપાસણી માટે લઈને આવેલા. આરોપીના ઓળખના ચિન્હોમા ડાબી બાજુએ કોણીના ભાગે જુનુ વાગેલાનુ નિશાન હતુ અને તેના ડાબા હાથના અંગુઠાનુ નિશાન કેસ પેપર્સમા લેવામા આવેલ હતુ. આરોપીએ તેમની સમક્ષ જાતે ગુજરાતી ભાષામાં હીસ્ટ્રી આપેલી જે તેમણે ગુજરાતી ભાષામાં લખેલી છે તે મુજબ," હુ ભોગ બનનારને ૨ વર્ષથી ઓળખુ છુ, એક જ સોસાયટીમા રહેતા હોવાથી ઓળખાણ થયેલી હતી, ત્યારબાદ મેસેજ અને ફોન પર વાતચીત વધતા અમારી મીત્રતા પ્રેમમાં પરીણમી, અમે ૨ વર્ષથી એકબીજાના પ્રેમમા છીએ, અમારી વચ્ચે ૭–૮ વખત નીરોધ સાથે તેણીની મરજીથી મારા ગામ વનારસી ખાતે શારીરીક સબંધ રાખેલ છે,હુ તેણીને તેની મરજીથી તા.૨/૮/૨૦૨૫ ના રોજ વનારસી ગામ ખાતે લઇ ગયો હતો, છેલ્લી વખત શારીરીક સબંધ આજથી ૫ દિવસ પહેલા નીરોધ સાથે તેણીની મરજીથી રાખેલો હતો. પોલીસ કેસ તેણીના ઘરવાળા દ્વારા કરી દેતા મને પોલીસ તા. ૨૬/૮/૨૦૨૫ ના રોજ ઘરેથી પકડી ગયેલ હતી અને આજરોજ મને હોસ્પીટલ તપાસ માટે લાવેલ છે." આરોપીની હિસ્ટ્રી લીધા બદલ તેની કેસ પેપર્સમા સહી મેળવેલ હતી. આરોપીની મેડીકલ તપાસણી કરતા વાયટલ પેરામીટર્સ નોર્મલ હતા. શરીર પર કોઈ ઈજાના નિશાન ન હતા. આરોપીને હીસ્ટ્રી પુછતા તેણે પાછળથી તા.૨૫/૮/૨૦૨૫ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે વાસ્તુપુજન સોસાયટી ખાતે દોડતા તે પોતે પડી ગયેલ હોય તેવુ જણાવેલ હતુ જેથી તેને ડાબી બાજુએ જાંઘના ભાગે, ઘુટણના ભાગે તેમજ જમણા હાથે કાંડાના ભાગે અને પંજાના ભાગે દુખાવો થતો હોય તેવુ તેણે જણાવેલ હતુ. જેથી તેમના દ્વારા તેને પ્રાથમિક સારવાર અપાયેલ હતી તેમજ વધુ સારવાર માટે તેમના દ્વારા તેને ઓર્થો વિભાગમા રીફર

કરાયેલ હતો. તેમણે આરોપીના લોહી પ્લેન,લોહી ઈ.ડી.ટી.એ., લાળ, નખ, માથાના વાળ, ગુપ્ત ભાગના વાળા, સેમન તથા ડી.એન.એ.સેમ્પલ લેવામા આવેલા. ત્યારબાદ ડી. એન. એ. સેમ્પલમા બ્લડ ઈ.ડી.ટી.એ.ના નમુના લઈ પોલીસ કર્મચારીને સીલ બંધ કરી સુપરત કરેલ હતા. તેમના અભિપ્રાય મુજબ આરોપી શારીરીક સબંધ બાંધવા માટે સક્ષમ હતા. આરોપીના કેસ પેપર્સની કાર્બનપ્રત બતાવતાં જેની અસલ તેઓ નામદાર કોર્ટમા લાવેલ છે જે તેમના હસ્તાક્ષરમા છે જેમા તેમની સહી છે જે તેઓ ઓળખે છે જે આંક–૧૭ થી રજુ છે. તેઓ તેમની સાથે આરોપીનો એક્ઝામીનેશન રીપોર્ટ લાવેલ છે જે તેમના હસ્તાક્ષરમા છે જેમા તેમની સહી છે જે તેઓ ઓળખે છે જે આક–૧૮ થી રજુ છે. તેઓ તેમની સાથે પોલીસ યાદી લાવેલ છે જે નામદાર કોર્ટમાં આંક–૧૯ થી રજુ છે. આરોપીની શારીરીક તપાસણી દરમિયાન લીધેલ મેડીકલ સેમ્પલ એફ.એસ. એલ.માં મોકલવા માટે સીલબંધ હાલતમાં હાજર પોલીસ કર્મચારીને ફોરવડીંગ પત્ર સાથે સુપરત કરેલ જે ફોરવડીંગ પત્રની સ્થળપ્રત તેઓ તેમની સાથે લાવેલ છે જે તેમના હસ્તાક્ષરમાં છે તથા તેમાં નીચે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આંક–૨૦ થી રજુ છે. આરોપીના લીધેલ ડી.એન.એ. પરીક્ષણ માટેના મેડીકલ સેમ્પલ સીલબંધ હાલતમાં ફોરવડીંગ પત્રથી આવનાર પોલીસ કર્મચારીને સુપરત કરેલ જે નિયત નમુના ફોર્મમાં ભોગ બનનારનો ફોટો લગાવેલ છે તેમજ સંમતિ બાબતે તેણીની સહી લીધેલ છે જેમાંના હસ્તાક્ષર તેમના છે તથા નીચે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે તેઓ તેમની સાથે લાવેલ છે જે આંક–૨૧ થી રજૂ છે.

**(૨૧.૧)**બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવતાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે,આરોપીને તેમની પાસે પોલીસ યાદી સાથે આવેલા હતા, તે યાદીનો તેમણે અભ્યાસ કરેલો હતો.

**(૨૧.૨)**સદર સાહેદના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાય છે કે, આરોપી એ મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ જયારે હિસ્ટ્રી આપેલ ત્યારે તે પોલીસ જાપ્તા હેઠળ હતો તેથી બી.એસ.એ. ની જોગવાઈ મુજબ આરોપીની ગુના સબંધેની કબુલાત પોલીસની હાજરીમાં કરવામાં આવેલ હોય તો તે પુરાવામાં ગ્રાહ્ય બનતી નથી. આમ, મેડીકલ ઓફીસરશ્રીનાં પુરાવાથી પણ આરોપી એ તહોમતનામા મુજબનો ગુનો કરેલ હોવાનું સાબીત માની શકાય નહી.

**<u>પોલીસ સાહેદોઃ-</u>**

**(૨૨)** ફરિયાદપક્ષે **P.W.-7** સ્ટેશન ડાયરીમાં નોંધ કરનાર પોલીસ સાહેદ ગંગદાભાઈ જેઠાભાઈ સાપરાનો પુરાવો આંક-૨૭ થી રજૂ થયેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, તા. ૨૬/૮/૨૫ ના રોજ તેઓ ફરજ પર હાજર હતા તે દરમ્યાન આ કામના ફરીયાદીનાઓએ તેઓ રૂબરૂ આવી પોતાની ફરીયાદ હકીકત લખાવતા તેઓએ ફરિયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલી.ફરીયાદીની ફરીયાદ હકીકત મુજબ,"ભોગ બનનાર ઉં.આ.વ. ૧૭ વર્ષ, ૨ મહીના, ૧૫ દિવસનાની ગઈ તારીખ-૧/૮/૨૫ ના બપોરના ત્રણેક વાગ્યાના અરસામા પોતાના ઘરેથી નીચે ભુંગરા લેવા જાઉ છુ તેમ કહી ચાલી ગયેલ હોય અથવા જેનુ કોઈ અજાણ્યો ઈસમ ફરીયાદીના કાયદેસરના વાલીપણામાથી અપહરણ કરી લઈ ગયેલ હોય."ફરીયાદીની ફરીયાદ લીધા બાદ તેઓએ પુણા પો.સ્ટે પાર્ટ-એ. ગુ.ર.નં.૦૯૭૦/૨૦૨૫,બી.એન.એસ.કલમ-૧૩૭(૨) મુજબનો

ગુનો રજીસ્ટર કરી સદરહુ ફરીયાદ આગળની તપાસ અર્થે પી.આઇ.શ્રી ડી.કે.ગમારા સાહેબનાઓ તરફ ડેપ્યુટ કરેલી. તેમને આંક–૧૧ થી રજુ ફરીયાદ બતાવતાં જેમા ફરીયાદીની સહી તથા રૂબરૂ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખે છે. તેઓ તેમની સાથે સ્ટેશન ડાયરીના ઉતારાની ખરી નકલ લાવેલ છે જે નામદાર કોર્ટમાં આંક–૨૮ થી રજુ કરેલ છે.

**(૨૨.૧)** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમણે ફરિયાદ લઇ ગુનો રજિસ્ટર કર્યા સિવાય અન્ય કોઇ કામગીરી કરેલ નથી. આમ, સદર સાહેદે ફરજનાં ભાગરૂપે કાર્યવાહી કરેલાનું સ્પષ્ટ થાય છે.

**(૨૩)** પ્રસ્તુત કામે ફરિયાદપક્ષે **P.W.-8** તપાસ કરનાર અમલદાર દિપ્તી કરશનભાઇ ગમારાનો પુરાવો આંક–૨૯ થી રજૂ થયેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, તા. ૨૬/૮/૨૦૨૫ ના રોજ આ કામના ફરીયાદીએ પી.એસ.ઓ.ગંગદાભાઇ જેઠાભાઇનાઓ રૂબરૂ પોતાની ફરીયાદ હકીકત લખાવતા પી.એસ.ઓ.ગંગદાભાઇ જેઠાભાઇનાઓએ ફરીયાદીના લખાવ્યા મુજબની હકીકત લખી લઇ ગુનો રજીસ્ટર કરી સદરહુ ફરીયાદ આગળની તપાસ અર્થે તેમની તરફ મોકલી આપેલી. સદરહુ તપાસ આગળની તપાસ તેમને મળતા તેઓએ તપાસ સંભાળી લીધેલી. તેમની તપાસ દરમ્યાન તેઓએ આરોપી તથા ભોગ બનનાર મળી આવતા તેમના કપડાઓ કબજે કરવાના હોય જે અંગે સર્વેયર સુરતનાઓને સરકારી પંચો ફાળવવા યાદી કરેલી. ત્યારબાદ ઉપરોક્ત કચેરી તરફથી પંચોની ફાળવણી થતા બે સરકારી પંચોની હાજરીમા આરોપીની શરીર સ્થિતીનુ પંચનામુ કરી બનાવ સમયે પહેરેલ કપડા

રજુ કરતા હોય પંચોની હાજરીમા પંચનામાની રૂએ તપાસ અર્થે કબ્જે કરેલા. તેવી જ રીતે આ કામે ભોગ બનનારનાઓનુ બે સરકારી પંચોની હાજરીમા ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરતા હોય પંચનામાની રૂએ તપાસ અર્થે કબજે કરેલા. તેમની તપાસ દરમ્યાન તેઓએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવાનુ હોય સિનીયર સર્વેયર સુરતનાઓને સરકારી પંચો ફાળવવા યાદી કરેલી. બાદ ઉપરોક્ત કચેરીમાથી પંચો આવી જતા આ કામના ભોગ બનનાર તેમની માતાની હાજરીમા જગ્યા બતાવતા હોય ભોગ બનનારના બતાવ્યા મુજબનુ જગ્યાનુ બે સરકારી પંચોની હાજરીમા પંચનામુ કરેલુ. તેમની તપાસ દરમ્યાન તેઓએ આ કામના ભોગ બનનારનુ ચાઇલ્ડ વેલફેર ઓફીસર રૂબરૂનુ વિગતવારનુ નિવેદન લીધેલુ. તેમની તપાસ દરમ્યાન તેઓએ આ કામના ભોગ બનનાર મળી આવતા તેમનુ બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન લેવા તજવીજ કરેલી. તેમની તપાસ દરમ્યાન તેઓએ આ કામના ફરીયાદીનુ વધારાનુ નિવેદન લીધેલુ અને લાગતા વળગતા આ કામના સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા. તેમની તપાસ દરમ્યાન તેઓએ આરોપી તથા ભોગ બનનારનુ મેડીકલ પરીક્ષણ કરવાનુ હોય જે અંગે તજવીજ કરેલી તથા હોસ્પીટલમાથી પ્રમાણપત્ર આવી જતા તપાસના કામે સામેલ રાખેલુ. તેમની તપાસ દરમ્યાન તેઓએ આ કામે કબજે કરેલ મુદ્દામાલ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ.ખાતે મોકલવાનો હોય જે અંગેની રવાનગી નોંધો તૈયાર કરી મુદ્દામાલ પરીક્ષણ અર્થે મોકલી આપેલો. તેમની તપાસ દરમ્યાન તેઓએ આ કામના ભોગ બનનારના જન્મની તારીખની ખરાઈ કરવા અંગે તજવીજ કરેલી. તેમની તપાસ દરમ્યાન આ કામે એફ.એસ.એલ. ખાતેથી પરીક્ષણ રીપોર્ટ આવી જતા તે તપાસના કાગળોમા સામેલ

રાખેલ. બાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલુ. તેમને આંક–૨૪ થી રજુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવતાં જેમા બંને પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખે છે. તેમને આંક–૨૨ થી રજુ આરોપીની શરીર સ્થિતીનુ તથા કપડા કબજે કર્યાનુ પંચનામુ બતાવતાં જેમા બંને પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખે છે. તેમને આંક–૨૩ થી રજુ ભોગ બનનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ બતાવતાં જેમા બંને પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખે છે. તેમને ભોગ બનનારના એમ.એલ.સી. કેસ પેપર્સ અને રેફરન્સ સ્લીપ બતાવતાં જે તેમણે તપાસના કાગળોમા સામેલ રાખેલ તેજ છે જે તેઓ ઓળખે છે જે અનુક્રમે આંક–૩૦,૩૧ થી રજુ છે. તેમને એફ.એસ.એલ.નો સ્થળ પરીક્ષણ અહેવાલ બતાવતાં જે તેમણે તપાસના કાગળોમા સામેલ રાખલ તેજ છે જે તેઓ ઓળખે છે જે આંક–૩૨ થી રજૂ છે. તેમને રવાનગી નોંધ બતાવતાં જેમા તેમની સહી છે જે તેઓ ઓળખે છે જે આંક–૩૩ થી રજુ છે. તેમને એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ બતાવતાં જે તેમણે તપાસના કાગળોમા સામેલ રાખેલ તેજ છે જે તેઓ ઓળખે છે જે આંક–૩૪ થી રજૂ છે. તેમને એફ.એસ.એલ.ને મુદ્દામાલ પૃથક્કરણ કરી આપવા બાબતની યાદી બતાવતાં જેમા તેમની સહી છે જે તેઓ ઓળખે છે જે આંક–૩૫ થી રજુ છે. તેમને એફ.એસ.એલ.નો બાયોલોજીકલ તથા સિરોલોજીકલ પરીક્ષણ અહેવાલ બતાવતાં જે તેમણે તપાસના કાગળોમા સામેલ રાખેલ તેજ છે જે તેઓ ઓળખે છે જે આંક–૩૬ થી રજુ છે. તેમને ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ બતાવતાં જે તેમણે તપાસના કાગળોમા સામેલ રાખેલ તેજ છે જે તેઓ ઓળખે છે જે આંક–૩૭ થી રજુ છે.

તેમને ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની ખરાઈ બાબતનો રીપોર્ટ બતાવતાં જે તેમણે તપાસના કાગળોમા સામેલ રાખેલ તેજ છે જે તેઓ ઓળખે છે જે આંક–૩૮ થી રજુ છે. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૮ માનો મુદ્દામાલ ઓળખી બતાવે છે અને તેમાંથી નીકળેલ પંચ સ્લીપો આંક–૩૯ થી આંક–૪૬ માં તેમની સહીઓ તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.

**(૨૩.૧)** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, આ કામની ફરિયાદ તેમના રૂબરૂની નથી. તેમજ અન્ય બાબતોમાં પોતાની સરતપાસની હકીકતોને વળગી રહેલ છે.

**(૨૩.૨)** સદર સાહેદના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં જણાય છે કે, તેમણે કરેલી તપાસને અનુરૂપ તેમણે જુબાની આપેલ છે.

**(૨૪)** આમ, ઉપરોકત ચર્ચાએ જયારે ભોગબનનાર અને ફરીયાદી અને ભોગ બનનારના પિતાનો પુરાવો ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા જણાતો નથી અને સદર સાહેદોનો પુરાવો  વિરોધાભાસી, નબળો અને શંકાસ્પદ જણાય છે. આમ, ઉપરોકત પુરાવાથી આરોપીએ ભોગ બનનાર સાથે બળજબરી કરી બળાત્કાર ગુજારી તેણીની છેડતી કરેલ હોય અને પ્રવેશ જાતીય હુમલો કરેલ હોય તેવું જણાતું નથી.  એફ.એસ. એલ. અને મેડીકલ ઓફિસરના પુરાવાથી ભોગ બનનાર સાથે બળજબરી થયેલ હોય તેવી લેશમાત્ર હકીકત જણાતી નથી. આમ, ભોગ બનનાર, ફરિયાદી તથા તેના પિતાનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી. તેમજ માત્ર મેડીકલ ઓફીસરશ્રી તથા પોલીસ સાહેદોનાં પુરાવાનાં આધારે આરોપીને આ ગુનામાં

તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી આવા પુરાવાના આધારે આરોપી સામેનો ગુનો નિઃશંકપણે પુરવાર થયેલાનું માની શકાય નહીં તેમજ ભોગ બનનારે જે પુરાવો રજૂ કરેલ છે જેમાં તેણીને માનસિક પરિતાપ સહન કરવો પડેલો તેવી કોઇ હકીકત જણાતી નથી. જેથી ભોગ બનનારને વળતર આપવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. તેથી **મુદ્દા નં.૨** નો જવાબ **નકારમાં** આપી **મુદ્દા નં.૩** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

## **-: આખરી હુકમ :-**

૧. આ કામના તહોમતદાર-**ગણેશસિંહ ઉર્ફે હર્ષ ક્રિષ્નાસિંહ રાઠોડ,** ઉં.૧૮ વર્ષ, ધંધોઃ મજુરી, રહેવાસીઃ પ્લોટ નં.૧૯૫, વાસ્તુપુજા રેસીડેન્સી, હલધરૂ ગામ, તા.કામરેજ જિ.સુરત. મુળ વતન-ભંડારી સ્ટેશન, થાના-કોતવાલી ચૌરાહા, જિ. જૌનપુર(ઉત્તરપ્રદેશ)નાઓને ક્રિમી.પ્રો.કો.ની કલમ-૨૩૫(૧)એ અન્વયે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ -૧૩૭(૨),૮૭, ૬૪(૨)(એમ) તથા જાતીય ગુનાઓ સામે બાળકને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૪, ૬, ૮, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપીએ ફોજદારી કાર્યરિતી સંહિતા ૧૯૭૩ ની કલમ- ૪૩૭(એ) મુજબ અપીલ થાય તો તે કામે હાજર રહેવા

સબબ રૂ.૧૦,૦૦૦/(અંકે રૂપિયા દશ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકા આ હુકમની તારીખથી દિન–૭(સાત) રજુ કરવાનો રહેશે.

આ હુકમ આજરોજ તા.૧૩ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| **Date : 13/03/2026**<br><br>**Place : Surat.** | **(Rakesh Rajnikant Bhatt)**<br>**Judge, Special Pocso Court & 2nd Additional Session Judge, Surat.**<br>**(GJ00608)** |

KPP